ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સલામ ગાંધીનગર પોલીસ : શહેરમાં ફલેગ માર્ચ



ગાંધીનગર શહેરની સલામતી અને સુરક્ષા માટે સતત ખડેપગે રહેતી જિલ્લા પોલીસ દ્વારા આજરોજ નોવેલ કોરોના વાયરસને નાથવા માટેની જન જાગૃતિ અર્થે અને લોક ડાઉનની અસરકારક અમલવારી માટે ફલેગ માર્ચ કરવામાં આવ્યું હતું. આ ફલેગ માર્ચ ઈન્ફોસીટી ખાતેથી આરંભ થયો હતો. સમગ્ર ગાંધીનગરમાં જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાના નેતૃત્વમાં ૫૦ જેટલી પોલીસ વાનના કાફલા સાથે પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મયોગીઓની ફલેગ માર્ચ યોજાઈ હતી. લોક ડાઉનની અસરકારક અમલવારી માટે પોલીસે ડ્રોન થકી પણ બાજ નજર સોસાયટી અને શેરીઓમાં રાખશે. સમગ્ર ગાંધીનગર શહેરમાં ફલેગ માર્ચ દરમિયાન નગરજનોએ તાળીઓ પાડીને પોલીસની કામગીરીને બિરદાવી હતી અને લોકડાઉનની અમલવારી માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ગાંધીનગરના નગરજનોએ હકારાત્મક પ્રતિભાવ આપતા પોલીસ બેડામાં ઉત્સાહની લાગણી પ્રસરી હતી.

## આકાશ વાદળછાયુ રહે અને એકાદ દિવસ હળવો વરસાદ થશે : કૃષિ યુનિ.

**તાપમાનનો પારો ૩૧મી માર્ચથી ઉંચકાતો જોવા મળશે તેવી આગાહી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદ થવાની સંભાવનાઓ છે. આ ઉપરાંત ગરમીનો પારો પણ આગામી દિવસોમાં ઉંચકાતો જોવા મળશે.

૨૮મીથી ૧લી એપ્રિલ માટે હવામાન પૂર્વાનુમાન વિભાગ કૃષિ યુનિ.ના બુલેટીન નં. ૮૯માં આ આગાહી કરાઈ છે.

આ અંકમાં જણાવાયા મુજબ આગામી પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને એક દિવસ હળવો વરસાદ પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન ૩૨ થી ૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨-૨૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૬૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાક ૮ થી ૧૨ કિ.મી. રહેવાની શક્યતા છે.

ખેડૂતોને ઉનાળુ પાકની વાવણી શરૂ કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં અત્યાર સુધી લેવાયેલા ૧૨૨૪ સેમ્પલમાંથી ૪૭ના રીપોર્ટ પેન્ડીંગ છે.
- વિદેશ પ્રવાસથી આવેલા ગુજરાતના નાગરિકોને સેલ્ફ ડેકલેરેશન આપવું ફરજિયાત બનાવાયું છે.
- આણંદમાં ડુપ્લીકેટ સેનેટાઈઝરનો મોટો જથ્થો પકડાયો. ૪૨૦૦ બોટલો સાથે દુકાનદારની ધરપકડ.
- રાજપીપળામાં ડ્રોન સર્વેલન્સ દ્વારા મદરેસામાં સામૂહિક નમાઝ પઢતા મોલ્લાના અને ૩૪ સામે ગુનો દાખલ કરાયો.
- રાજ્ય શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ માટે ૧૪મી સુધી ઉત્તરવહી તપાસની કામગીરી બંધ રખાઈ.
- એસ.વી.હોસ્પિટલમાંથી કોરોનાના એક દર્દીને રજા અપાઈ.
- કોરોનાના આઘાતથી સ્પેનના નાણામંત્રીની આત્મહત્યા
- કોરોના સામેના જંગમાં અદાણી ગ્રુપ દ્વારા ૧૦૦ કરોડનું દાન અપાયું.
- જાહેરનામાનાં ભંગ બદલ ૬૮૦ સામે ફરિયાદ દાખલ કરાઈ. જ્યારે કોરોન્ટીલ કરેલ વ્યક્તિઓ દ્વારા નિયમોના ભંગ બદલ ૪૧૮ સામે કેસ થયા.
- યુકેમાં સૌથી વયોવૃદ્ધ કોરોના મહિલા દર્દી ૧૦૮ વર્ષથી ઉંમરે અવસાન પામ્યા.

**વા... વાયો ને... નળિયુ ખસ્યુ !**

## આરોગ્ય કમિશ્નરની કચેરીમાં કર્મયોગીએ ઉધરસ ખાધી ને આદેશ છુટ્યો, કોરોના ટેસ્ટ કરાવો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સ્થિત જુના સચિવાલય સંકુલમાં એક આરોગ્યના કર્મયોગીએ કમિશ્નરશ્રીની હાજરીમાં ઉધરસ ખાધી આથી કમિશ્નરશ્રીએ તાત્કાલિક આ કર્મયોગીનો કોરોના ટેસ્ટ કરાવવાના આદેશ જારી કર્યા. બસ પછી તો આ ભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા અને ઓપીડી ટેસ્ટ કરાવવાના આદેશ છુટ્યા. ભારત સરકારની અને રાજ્ય સરકારની સૂચનાને કોરાણે મુકાઈ. ટેસ્ટ લેવાયો. આ પછી ગાડીમાં બેસી તે કર્મયોગી પુનઃ ફરજ પર પહોંચ્યો.

મળતી વિગતો પ્રમાણે આ કર્મયોગી કોઈ સંક્રમિતના સંપર્કમાં નથી આવ્યો કે નથી તેના પરિવારમાં કોઈ વિદેશથી આવ્યુ કે વિદેશથી આવેલ વ્યક્તિના સંપર્કમાં આવ્યો. બસ... આ તો વા... વાયોને નળિયુ ખસ્યુ...

નિયમો નેવે મુકાયા... સુચનાઓનો ભંગ થયો... આ સિલસિલો જો શરૂ થશે તો ક્યાં જઈ અટકશે તેવી વાતો પણ શરૂ થઈ ગઈ છે.

હા, ગાંધીનગર જિલ્લામાં જાહેરમાં ખાંસી આવી કે છીંક આવી અને મોં સામે રૂમાલ નહિ હોય તો રૂ. ૫૦૦ના દંડની જોગવાઈ કરતો પ્રસ્તાવ સામાન્ય સભામાં છેલ્લી ઘડીના આગ્રહ સાથે પસાર કરવામાં આવ્યો છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દવાના છંટકાવની કામગીરી હાથ ધરાઈ

**ગ્રામ્ય વિસ્તારને કોરોના સંક્રમણથી બચાવવા આરોગ્યતંત્રએ યોજના તૈયાર કરી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં દવા છંટકાવની કામગીરી તાત્કાલિક હાથ ધરવાના આદેશો આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

આ માટે ૨૫ કિલો પાવડરનો જથ્થો દરેક ગ્રામ પંચાયત દીઠ ફાળવી દેવાયો છે અને ગ્રામ્ય વિસ્તારમાં આ પાવડરનું દ્રાવણ બનાવી છંટકાવની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

જિલ્લાના વેડા-વડસર ગામથી આ કામગીરીનો આરંભ થઈ ચુક્યો છે. આ માટે જરૂરી જથ્થો પણ ગ્રામ પંચાયતોને પહોંચતો કરવામાં આવી રહ્યાનું જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે સ્વીકાર્યુ હતુ.

તેમણે કહ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તાર રોગમુક્ત રહે કોરોના મુક્ત રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વેડાના તબીબી અધિકારી અને ફાર્માસીસ્ટ તેમજ એક કર્મચારી કોરોનામાં સપડાયા પછી તંત્ર ખુબજ ગંભીર બન્યુ છે અને તાબડતોબ કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ઉભી થયેલી સ્થિતિમાં વેડા અને વડસરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફોગીંગ કરાયુ હતુ. જો કે હજુ સેનીટાઈઝેશન સાથે ફ્યુમીગેશન કરવુ જોઈએ તેવી

● અનુસંધાન પાન-૭ પર



સોશ્યલ ડિસ્ટનીંગ : કોરોના વાયરસના કહેર વચ્ચે દેશભરમાં અપાયેલા લોકડાઉન બાદ જીવન જરૂરી ચીજવસ્તુઓ સહિત શાકભાજી - દૂધ ની ખરીદી માટે વડાપ્રધાનશ્રીએ આપેલા સોશ્યલ ડિસ્ટનીંગના સુચનનો વેપારીઓ સહિત નગરજનો અમલ કરી રહ્યા છે... ગાંધીનગરમાં સાંજે ખરીદી કરવા નગરજનો નીકળ્યા હતા....

## સેકટરોના આંતરિક માર્ગો પર ટહેલવા ન નિકળવા પણ નાગરિકોને સુચના

**શહેરમાં પાંચમા દિવસે પણ સફળ લોકડાઉન : પોલીસ પણ સતત નાગરિકોને ઘરમાં જ રહેવા માટે અપીલ કરી રહી છે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં આજે સતત પાંચમા દિવસે લોકડાઉન સફળ રહ્યુ હતુ. નગરજનોએ રવિવારની રજા સમજીને જ આ લોકડાઉન દરમિયાન ઘરમાં રહીને બાળકો સાથે સમય વિતાવ્યો હતો. શહેરના માર્ગો પર સન્નાટો છવાયેલો હતો. જયારે સેકટરોની શેરીઓમાં પણ લટાર મારવા નાગરિકો ન નિકળે તે માટે પણ સવારથી જ સતત પોલીસે નગરજનોને સતર્ક કર્યા હતા.

ગાંધીનગરમાં આજે સતત પાંચમા દિવસે પણ લોકડાઉનનો કડક અમલ જોવા મળ્યો હતો. સવારથી જ સેકટરોમાં પોલીસની માર્ચ પાસ્ટના લીધે નાગરિકો વધુ સર્તક થઈ ગયા હતા. આમ તો આજે રવિવાર હતો. પરંતુ લોકડાઉન અમલમાં આવ્યુ ત્યારથી નાગરિકો રજા જ ભોગવી રહ્યા છે. પરંતુ નાગરિકોએ ઘરની બહાર નિકળવાનુ ન હતુ જેથી ઘરમાં બેસીને જ બાળકો સાથે



વિવિધ રમતો રમીને સમય પસાર કર્યો હતો. કોરોનાની મહામારીના લીધે સમગ્ર દેશમાં લોકડાઉન છે. જયારે ગુજરાતમાં પણ કોરોના કેસ વધતા લોકડાઉનના કડક અમલ માટે પોલીસ તંત્ર વધુ કડક વલણ અપનાવી રહ્યુ છે. ગાંધીનગરમાં પણ સેકટરોમાં કોઈ નાગરિકે બહાર ન નિકળવા માટે સતત અપીલ કરવામાં આવી રહી છે. નગરના મુખ્યમાર્ગો તેમજ જાહેર સ્થળો અને શોપિંજ બજારોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. ત્યારે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા સિવાય નાગરિકો ઘરની બહાર નિકળતા નથી જયારે આ માટે પણ એકલદોકલ વ્યકિતઓ જ ઘરની બહાર નિકળે છે બીજીતરફ શહેરના સેકટરોમાં આંતરિક વિસ્તારમાં રહીશો ટહેલવા નિકળી પડતા હોવાની

● અનુસંધાન પાન-૭ પર

## ૧૫ માર્ચ પછી ગાંધીનગરમાં બહારથી આવેલ વ્યક્તી મનપાને નોંધણી કરાવી જાણ કરે

**કમિશ્નરે જારી કરેલુ જાહેરનામુ : ડોર ટુ ડોર સર્વે માટે ખાસ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ**

ગાંધીનગર, તા. ૨૯

૧૫ માર્ચ પછી ગાંધીનગર શહેરમાં આવેલા જિલ્લામાંથી કે આંતર જિલ્લામાંથી, અન્ય રાજ્યમાંથી, અથવા વિદેશથી તે તમામ લોકોને ગાંધીનગર મહાનગરપાલિકાને તાત્કાલિક જાણ કરવી ફરજીયાત છે.

આ માટે મોબાઈલ નંબર ૮૧૪૧૮૦૦૭૫૧ કે મનપાના વેબપોર્ટલ કે ઈ.મેઈલ કરીને જાણકારી આપવાની રહેશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ દ્વારા આ અંગે ખાસ નોટીફિકેશન જારી કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય એપેડેમીક ડીજીસ એક્ટ-૧૯૮૭ની કલમ ૨,૩ અને ૪ થી પ્રાપ્ત થયેલ સત્તા મુજબ તથા ગૃહ મંત્રાલયના ૨૯-૩-૨૦૨૦ના આદેશ અન્વયે નોવેલ કોરોના વાયરસ સંદર્ભે મનપા વિસ્તારમાં કોરોનાના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ ડોર ટુ ડોર સર્વે કરવાની કામગીરી કરવામાં આવી રહી હોવાથી આ માહિતી આપવી જરૂરી છે. આ જાણ નહિ કરનાર અથવા સૂચનાના પાલનમાં કસુરવાર થશે તો એપેડેમીક એક્ટ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને આઈ.પી.સી.ની જોગવાઈ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**સેવા પરમો ધર્મના અભિગમ સાથે**

## પંચદેવ યુવક મંડળ દ્વારા ગરીબો માટે બે ટાઈમ ભોજનની વ્યવસ્થા

ગાંધીનગર તા ૨૯

સેવા પરમો ધર્મ.. કુદરતી આપત્તિનો સમય હોય કે કોઈ ધાર્મિક અવસર .. પંચદેવ યુવક મંડળ હંમેશા સેવા કાર્ય માટે તત્પર રહે છે. કોરોનાની મહામારીને ડામવા પ્રધાનમંત્રીએ આગામી તા ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કર્યુ છે. સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે આમ નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે દુધ, દવાઓ અને કરિયાણાની દુકાનો ખુલ્લી રાખવામાં આવે છે. બીજીતરફ આ મહામારીના સમયમાં ગરીબોની હાલત કફોડી બની છે. રોજ પેટીયુ રળતા શ્રમિકોને બે ટાઈમનુ ભોજન મેળવવા માટે પણ વલખા મારવા પડે તેમ છે. આવા કપરા સંજોગોમાં નગરની અનેકવિધ સેવા સંસ્થાઓએ વિવિધ પ્રકારના સેવા કામો હાથ ધર્યા છે. જયારે પંચદેવ યુવક



પણ આ માટે જરૂરી સહાય પુરી પાડે છે. જયારે પંચદેવ મંદિરના ૫૦ જેટલા યુવકો રોજ સવારે ગરીબો માટે પુરી, શાક , ભાત કે પુલાવ સહીતનુ ભોજન તૈયાર કરી ગરીબોને સ્થળ પર વિતરણ કરવાનુ પુણ્ય કાર્ય કરે છે. પંચદેવ યુવક મંડળ દ્વારા સે-૨૨, સે-૨૦,સે-૨૧ સે-૩૦ સે-૮ અને સે-૯ મીના બજાર સહીતના વિસ્તારમાં આશરો લઈ રહેલા શ્રમિકોને ભોજન વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. પંચદેવ યુવક મંડળના ૫૦ યુવાનો આ સેવા



મંડળના ૫૦ જેટલા યુવાનો પણ હાલ છેલ્લા પાંચ દિવસથી ગરીબોને ભોજન પુરુ પાડવા માટે રસોડુ ચલાવી રહ્યા છે. ગાંધીનગરના મેયરના સહયોગથી સે-૨૨ રંગમંચની જગ્યા આ યુવાનોને ફાળવવામાં આવી છે. જયાં સવાર સાંજ રસોડુ ચાલી રહ્યુ છે. પંચદેવ યુવક મંડળને સેકટરના વેપારીઓ સહીત અન્ય અગ્રણીઓ કાર્યમાં જોડાયેલા છે. જયારે નગરમાં કાર્યરત સેવા સંસ્થાઓએ ગરીબોને ભોજન સહીતની વ્યવસ્થા પુરી પાડવા માટે વિસ્તાર પણ નિયત કરી લીધો છે. જેથી શહેરમાં આ સેવાકાર્ય પ્લાનીંગ સાથે થઈ રહ્યુ છે. જલારામ યુવક મંડળ , રાધે ગૃપ, માનવ સેવા ગૃપના યુવાનોએ આ મામલે

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com